# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-08-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- તહેવારો દરમિયાન અંત્યોદય અને BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્યતેલનું વિતરણ કરવાની રાજય સરકારની જાહેરાત
- સુરતમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઇ.
- અમદાવાદ સાયબર ક્રાઇમ વિભાગે વિદેશથી પાર્સલમાં આવેલો પાંચ કિલો 670 ગ્રામથી વધુનો હાઇબ્રીડ ગાંજો ઝડપ્યો
- નર્મદા ડેમમાંથી એક લાખ પચાસ હજાર ક્યુસેક પાણી છોડાતાં નર્મદા અને ભરૂચ જીલ્લાઓ માટે તંત્ર દ્વારા રેડએલર્ટ જાહેર કરાયું
- રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યુ.. છેલ્લા બાર કલાકમાં 125 તાલુકાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો..બે દિવસ રાજ્યભરમાં ભારે પવન સાથે છુટાછવાયા વરસાદની આગાહી

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ANAJ VITARAN

રાજ્યના અન્ન નાગરિક પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું છે કે રાજ્યના અંત્યોદય અને ગરીબી રેખા હેઠળ એટલે કે, BPLમાં આવતા પરિવારોને જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે ખાંડ અને ખાદ્યતેલનું રાહતદરે વિતરણ કરાશે.

શ્રી બાવળિયાએ કહ્યું, રાજ્ય સરકાર ખાસ જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે આવા પરિવારોને ખાદ્યતેલ, સિંગતેલ કાર્ડદીઠ 100 રૂપિયા પ્રતિલિટરના રાહતદરે આપશે. જ્યારે BPL અને અંત્યોદય પરિવારોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની એક કિલો ખાંડ 22 રૂપિયા પ્રતિ કિલો તેમ જ અંત્યોદય પરિવારોને ખાંડ 15 રૂપિયા પ્રતિકિલોના રાહતદરે વિતરણ કરાશે.

મંત્રીશ્રીએ કહ્યું કે, 74 લાખથી વધુ રાશનકાર્ડ ધરાવતા પરિવારના 3 કરોડ 60 લાખ લોકોને “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના” અંતર્ગત આ ઑગસ્ટ મહિનામાં ઘઉં, ચોખા અને "શ્રી અન્ન” બાજરી અને જુવારનું વિનામૂલ્યે વિતરણ કરાશે. આ વિતરણ રાજ્યની 17 હજારથી વધુ વાજબી ભાવની દુકાન ખાતે થઈ રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . .

# SURAT TIRANGA YATRA

સુરત શહેરમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ તિરંગા યાત્રા યોજાઇ. આ યાત્રામાં એક લાખથી વધુ લોકો જોડાયા હતા.. ડુમસ રોડ ના Y જંક્શન થી પીપલોદ લાલભાઈ કોન્ટ્રકટર

સ્ટેડિયમ સુધીની તિરંગા યાત્રામાં અલગ અલગ 20 જેટલા બેન્ડ જોડાયા હતા... બે કિલોમીટરનો રોડ તિરંગામય બન્યો હતો..મીની ભારત તરીકે ઓળખાતા સુરતમાં અલગ અલગ રાજ્યના લોકો એ અલગ વેશાભૂષા ધારણ કરીને તિરંગા યાત્રામાં સામેલ થયા હતા.. સમગ્ર સુરત દેશભક્તિના રંગેરંગાઇ ગયું હતું..

--------

## TIRANGA YATRA - DISTRICT

રાજ્યભરમાં ગઇકાલથી હર ઘર તિરંગા અભિયાનનો આરંભ થઇ ચૂક્યો છે.ત્યારે રાજ્યના વિવિધ શહેરો નગરો અને ગામડાંઓમાં આ અભિયાનમાં નાગરિકો જોડાઇ રહ્યાં છે.

જે અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનમાં આજે ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના કુડા બીચ ખાતે સ્વચ્છતા અભિયાન અને તિરંગા યાત્રા યોજાઈ હતી. આ તિરંગા યાત્રા અને સ્વચ્છતા અભિયાનમાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ દેશના આન- બાન-શાન સમા તિરંગો લહેરાવ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ તાલુકાના રામપરા ગામે નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાની ઉપસ્થિતિમાં “તિરંગા યાત્રા” યોજાઈ હતી. જેમાં શાળાના બાળકોએ જુદા જુદા સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષા ધારણ કરી તેઓના બલિદાનોને યાદ કરી સ્મરણાંજલિ અપર્ણ કરી હતી. ઘોઘા તાલુકાના ગામોમાં ગ્રામજનોએ પોતાના ગામની સફાઈ કરી, ઘરો પર તિરંગો લહેરાવી 'હર ઘર તિરંગા' યાત્રા યોજી હતી. તિરંગા યાત્રામાં ગ્રામજનો સહિત ગામના આગેવાનો,

વિદ્યાર્થીઓ, યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈને આગવા અંદાજમાં પોતાનો રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કર્યો હતો.,

મહીસાગરના માનગઢ ધામ ખાતેથી શિક્ષણમંત્રી ડૉ કુબેર ડીંડોરે તિરંગા યાત્રાની શરૂઆત કરી હતી. માનગઢ ગોવિંદ ગુરુની ધૂણીથી ડૉ કુબેર ડીંડોરે તિરંગા રેલીનું પ્રસ્થાન કર્યું..મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ શિક્ષણમંત્રી હાથમાં તિરંગો લઈ માનગઢના ધામ ઉપર ફર્યા. જિલ્લાના નાગરિકોને ઘરે ઘરે તિરંગો ફરકાવવા શિક્ષણ મંત્રીએ  આહવાન કર્યું હતું.

જ્યારે  મહેસાણા સાર્વજનિક વિધાલયની વિદ્યાર્થિનીઓ એ 25 ફુટ બાય 30 ફૂટ નો શાળામાં દેશનો નકશો બનાવીને હરઘર તિરંગા અભિયાનમાં જોડાયા હતા.

બોટાદ જિલ્લામાં નાગરિકો દેશભક્તિના રંગે રંગાયા છે. જિલ્લાની તમામ મહત્વની સરકારી કચેરીઓ પર તિરંગો લહેરાવવામાં આવ્યો.

------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## GANJO

અમદાવાદ સાયબર ક્રાઇમ અને કસ્ટમ વિભાગના સંયુક્ત ઓપરેશનમાં વિદેશથી આવતો હાઇબ્રીડ ગાંજો ઝડપાયો છે.. અમદાવાદ સાયબર ક્રાઇમ અને કસ્ટમ વિભાગની મળેલી બાતમીના આધારે સરહદ પરથી આવતાં 37 જેટલા શંકાસ્પદ કુરિયરના પાર્સલની તપાસ કરવામાં આવી હતી.. જેમાં વિવિધ બ્રાન્ડના નામ હેઠળ તેમજ બાળકોના રમકડાં, ચોકલેટ્સ જેવી વસ્તુઓની આડમાં આ માદક પદાર્થનો જથ્થો ઘૂસાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. પરંતુ ચોક્કસ બાતમી અને એજન્સીઓની બાજ નજરને કારણે પાંચ કિલો ને 670 ગ્રામ કરતાં વધુના ગાંજો ઝડપી પાડવામાં આવ્યો હતો.. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત એક કરોડ સિત્તેર લાખ કરતા વધુની અંદાજવામા આવી છે. આવેલા પાર્સલ અંગેની સઘન તપાસ કરવામાં આવી રહી છે..

(બાઇટ – લવીના સિન્હા, DCP, અમદાવાદ સાયબર ક્રાઇમ)

------------------

## NARMADA DAM - OVERFLOW

સરદાર સરોવર બંધની સપાટીમાં ભારે વરસાદને પગલે સતત વધારો થતો જાય છે. નર્મદા નદીમાં કુલ ૧,૩૫,૦૦૦ કયુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નર્મદા નદીના કિનારે આવેલા ૨૫ ગામોમાં લોકોને સાવચેત રહેવા જણાવાયું છે. તથા લોકોને સલામત સ્થળે ખસી

જવા સૂચના આપવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા નર્મદા અને ભરૂચ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સરદાર સરોવર બંધનાં ૭ દરવાજા ૧.૫૦ મીટર ખોલવામાં આવ્યા છે જેને કારણે બંધના નીચાણવાળા વિસ્તારમાં ૯૦,૦૦૦ ક્યુસેક પાણી વહેવાની શક્યતા છે. ભરૂચ ગોલ્ડન બ્રિજ પાસે નર્મદાની જળ સપાટી હાલ દશ ફૂટ પર વહી રહી છે.

નર્મદા ડેમની સપાટી ચાલુ સિઝનમાં પ્રથમ વખત 134.75 મીટર વટાવી ચૂકી છે. અંકલેશ્વર મામલતદાર કરણસિંહ રાજપૂતે જણાવ્યું કે....

(બાઈટ -કરણસિંહ રાજપૂત =મામલતદાર –અંકલેશ્વર)

ઇન્ચાર્જ કલેકટર શ્રીમતી મમતા હિરપરાએ  જણાવ્યું કે સરદાર સરોવર બંધના નીચાણવાળા વિસ્તારોમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે સુરક્ષાના પગલાં લેવામાં આવી રહ્યા છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા પૂરની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. આપત્તિના સમયે ૧૦૭૭ નંબર ઉપર સંપર્ક કરી શકાશે.

----------------

## WEATHER

રાજ્યભરમાં વરસાદનું જોર ઘટ્યું છે. સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીના ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર 125 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.જેમાં ગાંધીનગરન દહેગામ તાલુકામાં 24, નવસારીના ખેરગામમાં 21 અને નર્મદાના ગરૂડેશ્વરમાં 17 મીલીમીટર

વરસાદ નોંધાયો છે.. જ્યારે આગામી બે દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વીજળીના ચમકારા સાથે 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની હવામાન વિભાગે આગાહી કરી છે..

રાજ્યભરમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે..હવામાન વિભાગે બે દિવસ દરમિયાન યલો એલર્ટ જાહેર કર્યું છે.. અમદાવાદ જિલ્લામાં પણ બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ક્યાંય ક્યાંક છુટાછવાયા વરસાદી ઝાપટાં પડી રહ્યા છે.

------------------

## VANBANDHU YOJNA - TAPI

તાપી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓના સર્વાંગી વિકાસને માટે તાપી જિલ્લા ટ્રાઇબલ ડેવલોપમેન્ટ કચેરી દ્વારા અનેક યોજનાઓ છે. જે અંતર્ગત કૃષિ વૈવિધ્યકરણ યોજના, સંકલિત ડેરી વિકાસ યોજના, શાકભાજીઓના મંડપ, પ્લગ નર્શરી , ટીશયું ક્લચર, લિફ્ટ ઇરીગેશન, રોટાવેટર સહાય, મીની ટ્રેકટર સહાય જેવી અનેકવિધ યોજનાઓનો સીધો લાભ આપીને પગભર કરવામાં આવી રહ્યા છે.

ત્યાંના લાભાર્થી જગદીશભાઇને સાંભળીએ.....

**(બાઈટ-1- જગદીશભાઈ પટેલ, લાભાર્થી ખેડૂત, ધનતુરી ગામ)**

તાપી જિલ્લાના પ્રોજેક્ટ મેનેજર જીતેન્દ્ર ચૌધરીએ યોજના અંગે આ મુજબ જણાવ્યું....

(બાઈટ-2- જીતેન્દ્ર ચૌધરી, પ્રોજેક્ટ મેનેજર, TSP, સોનગઢ)

-----------------------

## RAJKOT VAN MAHOTSAV

રાજકોટમાં કૃષિમંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં 75મો જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે કૃષિમંત્રીએ વૃક્ષોનું જતન કરવાનું આહ્વાન કરતાં લોકોને "એક પેડ માં કે નામ" અભિયાનમાં જોડાવવા અનુરોધ કર્યો હતો. કૃષિમંત્રીએ કહ્યું, રાજ્ય સરકારે આ વર્ષે રાજ્યભરમાં 10 કરોડથી વધુ વૃક્ષ વાવવાનો સંકલ્પ લીધો છે. જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું કે, જિલ્લામાં પર્યાવરણલક્ષી જાગૃતિ વધે તે માટે યુવાનોને વૃક્ષારોપણ સાથે જોડવામાં આવી રહ્યા છે. આ વર્ષે વિંછીયા ખાતે 8 હજાર છોડના વાવેતર સાથેનું મીનળવન તૈયાર કરાયું છે.

વડોદરાના વાઘોડીયામાં પારૂલ યુનિવર્સિટી ખાતે આજે ૭૫મા જિલ્લાકક્ષાના 'વન મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી  ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર 'વનકવચ' દ્વારા ગ્રીન કવર વધારી રહી છે, તેમાં લોકભાગીદારી અત્યંત જરૂરી છે.

.............................................

## GOVERNOR - PRAKRUTIK  SAMVAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દેશના ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેવી અપીલ કરી છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર દેશમાં ' પ્રાકૃતિક કૃષિ સંવાદ' કાર્યક્રમ યોજાશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે ચૌધરી ચરણસિંહ હરિયાણા કૃષિ યુનિવર્સિટીમાં યોજાયેલા પ્રાકૃતિક કૃષિ સંવાદમાં ખેડુતો સાથે વાત કરતાં કહ્યું કે, કેન્દ્ર સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર દેશમાં સંવાદ કાર્યક્રમો આયોજિત કરી રહી છે. આ શૃંખલામાં છેલ્લા ત્રણ દિવસથી હરિયાણાના ખેડૂતો સાથે સંવાદ થઈ રહ્યો છે.

તેમણે જણાવ્યું કે, થોડા દિવસો પહેલાં દિલ્હીમાં આયોજિત દેશભરના રાજ્યપાલની કોન્ફરન્સ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રાકૃતિક ખેતીને દેશભરમાં પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગને કાર્ય યોજના તૈયાર કરવા માટે સૂચના આપી છે.

------------------

# PORBANDAR MODEL VILLAGE

પોરબંદર જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને પોરબંદર તાલુકાના વિસાવાડા ગામે રાત્રી સભા યોજાઈ હતી. વિસાવાડા ગામની મોડેલ વિલેજ તરીકે પસંદગી થઈ છે. જેમા જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે પ્લાસ્ટીક મુક્ત ગામ માટે કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વિસાવાડાને અનેકવિધ યોજનાનો લાભ આપવા માટે સરકાર કટીબધ્ધ છે. સરકાર અનેકવિધ કલ્યાણકારી યોજનાઓથી વિસાવાડા ગામને આવરી લેવામાં

આવશે. વિસાવાડા ગામને સમૃધ્ધ બનાવવા માટે સરકારની યોજનાનો લાભ લેવા લોકોને ટીડીઓએ અનુરોધ કર્યો  હતો...

----------------

## JAMNAGAR STHAPANA DIVAS

જામનગરના 485મા સ્થાપના દિવસ નિમિત્તે આજે મહાનગરપાલિકાએ વિવિધ કાર્યક્રમ યોજ્યા હતા. હાલાર, નવાનગર, છોટી કાશી, ક્રિકેટનું કાશી અને સૌરાષ્ટ્રના પેરિસ જેવા અનેક નામથી પ્રસિદ્ધ એવા જામનગરનો આજે સ્થાપના દિવસ છે. આ પ્રસંગે મહાનગરપાલિકાના આગેવાનોએ સ્થાપના સમયની ખાંભીનું પૂજન કર્યું હતું. આ ઉપરાંત શહેરમાં આવેલી રાજવીઓની પ્રતિમાને પણ પુષ્પહાર અર્પણ કરાયા હતા.

----------------

## BAVNAGAR SAFAI ABHIYAN

ભાવનગરના પ્રસિધ્ધ કોળીયાક બીચની દેશભરમાં ધાર્મિક અને પ્રવાસન તરીકે ઓળખ ઉભી થઇ છે, ત્યારે તેની સફાઈ કરવામાં આવી હતી. જીલ્લા નાયબ વિકાસ અધિકારીએ લોકોને કોળિયાક ખાતે સ્વચ્છતા જાળવવા અપીલ કરી છે. ભગવાનના ફોટાઓ, કાચ, ખીલા, માતાજી સાથેની ફ્રેમ મેટલ કે કાચ કે લાકડાના ખીલાવાળા મંદિરો, સિન્થેટિકની ચુંદડીઓ નિષ્કલંક મહાદેવના દરિયામાં ન પધરાવવા કોળીયાક ગ્રામ પંચાયત દ્વારા અપીલ કરવામાં આવી છે.

સ્વયંસેવકો અને ગ્રામજનો દ્વારા કોળીયાક બીચની સફાઈ કરી ચાર થી સાડા ચાર ટન કચરો એકત્રિત કરીને બીચને સ્વચ્છ કરાયો હતો.

----------------------